પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૩૬ | ૧૬ ફેબ્રુઆરી, ૨૦૧૮, શુક્રવાર ; ફાગણ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### આસામમાં હેલીકોપ્ટર અકસ્માતમાં બેના મોત

આસામના માજુલી દ્વીપમાં ટ્રેનીંગ દરમિયાન એરફોર્સના એક હેલીકોપ્ટરને અકસ્માત નડ્યો હતો. ટ્રેનીંગ દરમિયાન અકસ્માત થતાં બે પાયલોટના મૃત્યુ નિપજ્યા છે.

### ભારત સાથે હવે શાંતિવાર્તા નહી : પાક

પાકિસ્તાનના રક્ષામંત્રી ખુર્રમ દસ્તગીરખાતે કહ્યું છે કે, ભારતે પાકિસ્તાન સાથે સંબંધો સુધારવાની તક ગુમાવી દીધી છે. હવે તો દુશ્મનાવટભર્યા રવૈયાથી તેઓએ શાંતિવાર્તાનો મોકો પણ ગુમાવી દીધો છે.

### નેપાળના પ્રધાનમંત્રી પદે કે.પી.ઓલી

નેપાળના કમ્યુનિસ્ટ પાર્ટીના અધ્યક્ષ કે.પી. ઓલી બીજી વખત નેપાળના પ્રધાનમંત્રી બન્યા છે. થોડાક દિવસો અગાઉ થયેલી ચૂંટણીમાં ઓલીન પક્ષનો વિજય થતાં તેઓ પ્રધાનમંત્રી પદે બિરાજ્યા છે.


# ફ્લોરિડાની સ્કૂલમાં ફાયરિંગ : ૧૭ વિદ્યાર્થીઓના મોત

## અમેરિકામાં વધતું ગન કલ્ચર, આરોપીની ધરપકડ : ૨૦થી વધુ ઘાયલ, સ્કૂલે બરતરફ કરતાં આરોપીએ ફાયરિંગ કર્યું, ફાયરિંગ પહેલાં ફાયર એલાર્મ વગાડી આતંક મચાવ્યો : ટ્રમ્પે દુઃખ વ્યક્ત કર્યું









ફ્લોરિડા,તા.૧૫

અમેરિકાના ફ્લોરિડા રાજ્યની એક સ્કૂલમાં ફાયરિંગની ઘટનામાં ૧૭ના મોત નીપજ્યા છે. આ ફાયરિંગમાં ૨૦ જેટલા લોકો ઘાયલ પણ થયા છે. આ ફાયરિંગ શાળામાંથી બરતરફ કરાયેલા વિદ્યાર્થી દ્વારા કરવામાં આવ્યું હતું. આ શાળામાં ભારતીય મૂળના અમેરિકન સ્ટૂડન્ટ્સ પણ મોટી સંખ્યામાં અભ્યાસ કરે છે. ફાયરિંગમાં ભારતીય મૂળના કેટલાક અમેરિકન સ્ટૂડન્ટ્સના ઘાયલ થવાના પણ અહેવાલ છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફાયરિંગની ઘટના પર દુખ વ્યક્ત કર્યું છે.

અમેરિકાની એક સ્કૂલમાં બુધવારે ફરી એકવાર ગોળીઓની ધણધણાટી સાંભળવા મળી હતી. જેમા ૧૭ લોકોના મોત નીપજ્યા છે. આમા વિદ્યાર્થીઓ પણ સામેલ છે. અમેરિકાના ફ્લોરિડા રાજ્યમાં આવેલી એક શાળામાં અહીંથી બરતરફ કરાયેલા એક વિદ્યાર્થીઓ ગોળાબર કર્યા હતા. આરોપી વિદ્યાર્થીને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે અને તેની ઓળખ નિકોલસ ક્રૂઝ તરીકે થઈ છે. હાલ આ મામલાની તપાસ ચાલી રહી છે અને એફબીઆઈ આમા સ્થાનિક અધિકારીઓને મદદ કરી રહી છે.

ફાયરિંગ વખતે ફ્લોરિડાની શાળાના સ્ટૂડન્ટ્સ દહેશતને કારણે બૂમો પાડી રહ્યા હતા. તેમણે પોતાના મિત્રો અને પરિવારના લોકોને મદદ માટે મેસેજ કરવાના શરૂ કર્યા હતા. આ ઘટના ફ્લોરિડાના પાર્કલેન્ડની માર્જરી સ્ટોનમેન ડગલસ હાઈસ્કૂલમાં બની હતી. આરોપી વિદ્યાર્થી ૧૯ વર્ષીય ક્રૂઝ અહીં જ ભણતો હતો. પરંતુ સ્કૂલના વહીવટી તંત્રે તેને શિસ્તભંગના પગલા હેઠળ બરતરફ કર્યો હતો. બાદમાં તેણે પોતાની જ સ્કૂલમાં ફાયરિંગ કર્યું હતું. હુમલાખોરે ફાયરિંગ પહેલા સ્કૂલમાં ફાયર એલાર્મ વગાડતા

● અનુસંધાન પાન-૭ પર

# જાન્યુઆરીમાં જથ્થાબંધ ભાવાંક ફુગાવો ઘટી ૨.૮૪ ટકા

## ખાદ્યાન્ન વસ્તુ સસ્તી : શાકભાજીની વધતી કિંમતો વચ્ચે ડબલ્યુપીઆઈ ફુગાવો ઘટ્યો : ડુંગળીના ભાવમાં રેકોર્ડ ઉછાળો

મુંબઈ, તા. ૧૫

હોલસેલ પ્રાઈઝ ઉપર આધારિત ફુગાવો જાન્યુઆરી મહિનામાં છ મહિનાની નીચી સપાટી ઉપર પહોંચી ગયો છે. ફુગાવો ૨.૮૪ ટકાની નીચી સપાટીએ પહોંચતા મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગને રાહત થઈ છે. ખાદ્યાન્ન ચીજવસ્તુઓની કિંમતમાં ઘટાડો થયો છે. બીજી બાજુ શાકભાજીની કિંમતોમાં હજુ પણ વધારો જોવા મળી રહ્યો છે. હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ (ડબલ્યુપીઆઈ)ના આધાર પર ગણતરી કરવામાં આવતા ફુગાવો ડિસેમ્બર ૨૦૧૭માં ૩.૫૮ ટકા હતા. જ્યારે જાન્યુઆરી ૨૦૧૭માં ૪.૨૬ ટકા હતો. જાન્યુઆરી ૨૦૧૮માં ડબલ્યુપીઆઈ ફુગાવો ૨.૮૪ ટકા થયો છે જે છ મહિનાની સૌથી નીચી સપાટી છે.

અગાઉની સૌથી નીચી સપાટી જુલાઈ મહિનામાં ૧.૮૮ ટકા હતી. આજે જારી કરવામાં આવેલા સરકારી આંકડામાં જણાવવામાં આવ્યું છે કે, ખાદ્યાન્ન ચીજવસ્તુઓમાં ફુગાવો જાન્યુઆરી મહિનામાં ત્રણ ટકા રહ્યો છે. જે ડિસેમ્બર ૨૦૧૭માં ૪.૭૨ ટકા હતો. શાકભાજીમાં ફુગાવો જાન્યુઆર મહિનામાં વાર્ષિક આધાર પર ૪૦.૭૭ ટકા રહ્યો છે જે અગાઉના મહિનામાં

● અનુસંધાન પાન-૭ પર

# સેંસેક્સ ૧૪૨ પોઈન્ટ સુધરીને બંધ

## નિફ્ટી ૪૫ પોઇન્ટ સુધરીને ૧૦૫૪૬ની સપાટીએ : એશિયન બજારમાં મિશ્ર સ્થિતિ : પંજાબ નેશનલ બેંકના શેરમાં વધુ ૮ ટકાનો ઘટાડો

મુંબઈ, તા. ૧૫

શેરબજારમાં ઉતારચઢાવનો દોર જારી રહ્યો છે. આજે પ્રવાહી સ્થિતીના દોર વચ્ચે સેંસેક્સમાં ૧૪૨ પોઈન્ટનો સુધારો થયો હતો જેથી તેની સપાટી ૩૪૨૯૭ની રહી હતી. જ્યારે નિફ્ટી ૪૫ પોઈન્ટ સુધરીને ૧૦૫૪૬ની ઉંચી સપાટી પર રહ્યો હતો. એશિયન શેરબજારમાં બેન્ચમાર્ક ઈન્ડેક્સ ઉંચી સપાટી પર રહ્યા હતા. વ્યક્તિગત શેરની વાત કરવામાં આવે તો પીએનબીના શેરમાં વધુ આઠ ટકાન આસપાસનો ઘટાડો રહ્યો હતો. મેનેજમેન્ટે રોકાણકારોને ખાતરી આપ હોવા છતાં લોકો ચિંતાતુર બનેલા છે. ઉતારચઢાવ વચ્ચે અંતે સેંસેક્સ બુધવારના દિવસે ઘટીને બંધ રહ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# નિરવ જાન્યુઆરીમાં જ દેશ છોડી જતા રહ્યા હતા

## પંજાબ નેશનલ બેંક તરફથી સીબીઆઈને ફરિયાદ મળે તેના થોડાક દિવસ પહેલા નિરવ મોદી પોતાના પરિવાર સાથે ફરાર થયા હતા




નવીદિલ્હી, તા. ૧૫

અબજોપતિ જ્વેલરી ડિઝાઈનર નિરવ મોદી સીબીઆઈને પંજાબ નેશનલ બેંક તરફથી ફરિયાદ મળે તેના ખુબ પહેલા દેશ છોડી ચુક્યા હતા. પહેલી જાન્યુઆરીના દિવસે નિરવ મોદી દેશ છોડીને જતા રહ્યા હતા. ૨૯મી જાન્યુઆરીના દિવસે સીબીઆઈને ૨૮૦ કરોડ રૂપિયાના ફ્રોડના સંદર્ભમાં માહિતી મળી હતી. અધિકારીઓનું કહેવું છે કે, તેમના ભાઈ મિશાલ જે બેલ્જિયમના નાગરિક છે. તેઓ પણ પહેલી જાન્યુઆરીના દિવસે દેશ છોડીને જતાં રહ્યા હતા. તેમના પત્નિ અમી જે યુએસના નાગરિક છે અને બિઝનેસ પાર્ટનર મેહુલ ચોક્સી જે ગીતાંજલિ જ્વેલર્સ ચેઈનના ભારતીય પ્રમોટર છે તે છઠ્ઠી જાન્યુઆરીના દિવસે દેશ છોડી ચુક્યા હતા. આ તમામ ચારેય સામે એજન્સી દ્વારા સરક્યુલર જારી કરવામાં આવ્યું છે. તેમની સામે એફઆઈઆર દાખલ કરવામાં આવ્યા બાદ સરક્યુલર જારી કરીને તપાસ હાથ ધરાઈ હતી. એન્ફોર્સમેન્ટ સંસ્થાઓ દ્વારા લુકઆઉટ સરક્યુલર જારી કરીને તમામ પગલા લેવાયા હતા. મોદી સ્વિત્ઝર્લેન્ડમાં હોવાનું જાણવા મળી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ભારતીય સીઈઓના ગ્રુપ ફોટોમાં તેઓ ઉપસ્થિત દેખાયા હતા. પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો દ્વારા જે ફોટો જારી કરાયો હતો તેમાં તેઓ હતા.

# પીએનબી કૌભાંડમાં નિરવ મોદીની ડઝનથી વધુ પ્રોપર્ટી પર વ્યાપક દરોડા

## સુરતમાં ત્રણ સ્થળો સહિત દેશભરમાં વ્યાપક દરોડાથી સનસનાટી : સતત બીજા દિવસે બેંકિંગના ક્ષેત્રમાં ખળભળાટ : દરોડાની કાર્યવાહી થોડાક દિવસ સુધી સતત જારી રહેશે

નવી દિલ્હી,તા. ૧૬

પંજાબ નેશનલ બેંક મહાછેતરપિંડીના કેસમાં મુખ્ય આરોપી નીરવ મોદીની સામે આખરે કાર્યવાહી શરૂ કરવામાં આવી ચુકી છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ હિરાકારોબારી નિરવ મોદી અને તેમના સગાસંબંધીઓ તથા અન્યો સામે મની લોન્ડરિંગ કેસ દાખલ કરી દીધો છે. સાથે સાથે આજે દેશભરમાં નિરવ મોદીના આવાસ અને અન્ય પ્રોપર્ટી ઉપર વ્યાપક દરોડા પાડ્યા હતા. દેશભરમાં જુદા જુદા શહેરોમાં ફ્રોડના કેસમાં આ દરોડાના કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ૧૧૩૦૦ કરોડ રૂપિયાના પંજાબ નેશનલ બેંક ફ્રોડ કેસના સંબંધમાં આજે દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. મોદીના મુંબઈમાં આવેલા કુર્લા ખાતેના આવાસ, કાલાઘોડા વિસ્તારમાં તેમના જ્વેલરી શો રુમ, બાંદરા અને લોઅર પારેલમાં આવેલી ત્રણ કંપનીઓ, ગુજરાતના સુરતમાં ત્રણ સ્થળો, ચાણક્યપુરીમાં મોદીના શો રુમ અને દિલ્હીમાં ડિફેન્સ કોલોની પર દરોડાની કાર્યવાહી એક સાથે હાથ ધરવામાં આવી હતી. ઈડીના અધિકારીઓનું કહેવું છે કે, આ સર્ચ ઓપરેશન આગામી થોડાક દિવસ સુધી જારી રહેશે. ફ્રોડ સંબંધિત પુરાવામાં તપાસ ચાલી રહી છે. ઈડીને શંકા છે કે, નિરવે બેંકિંગ સિસ્ટમ સાથે ઉચાપત કરીને છેતરપિંડી મારફતે જંગી નાણાં વિદેશમાં મોકલી દીધા છે. બનાવટી આયાતના દસ્તાવેજો ઉભા કરવામાં આવ્યા હતા. ઈડી દ્વારા નિરવ અને અન્યો સામે સીબીઆઈ કેસના આધાર પર મની લોન્ડરિંગ કેસ દાખલ કર્યો છે. બે બેંક અધિકારીઓને સાથે રાખીને બેંકને ડિફોલ્ટ કરવાના મામલામાં મની લોન્ડરિંગ કેસ દાખલ કરવામાં આવ્યો છે. આ મહિનાની શરૂઆતમાં સીબીઆઈએ મોદી, તેમના પત્ની અમી, ભાઈ મિશાલ, કાકા મેહુલ ચોકસી (ત્રણેય કંપનીઓના તમામ પાર્ટનર) સામે

● અનુસંધાન પાન-૭ પર

### છ મહિનામાં જ બધા પૈસા ચુકવવા નિરવ મોદી તૈયાર

**નિરવ મોદી હાલ બેંક અધિકારીઓના સંપર્કમાં : નિરવ મોદી થોડાક મહિનાની મહેતલ મેળવી લેવાના ફિરાકમાં**

નવીદિલ્હી,તા. ૧૫

પંજાબ નેશનલ બેંકને ૧૧૩૦૦ કરોડનો ફડકો આપનાર નિરવ મોદી હાલમાં સ્વિત્ઝર્લેન્ડમાં હોવાની માહિતી મળી રહી છે અને તે બેંક અધિકારીઓના સંપર્કમાં હોવાની પણ વિગત પ્રાપ્ત થઈ છે. નિરવ બેંકની ૫૦૦૦ કરોડથી વધુની રકમ પરત આપવા માટે તૈયાર હોવાના સંકેત મળી રહ્યા છે. પંજાબ નેશનલ બેંકને લખવામાં આવેલા પત્રમાં છ મહિનાની અંદર તમામ પૈસા ચુકવી દેવાની વાત પણ કરવામાં આવી છે. ૧૧૩૦૦ કરોડના આ કૌભાંડના મુખ્ય આરોપીએ જંગી નાણા પરત કરવાની વાત કરીને સમય આપવા માટે રજૂઆત કરી છે. નિરવ મોદી બાકી રકમ ચુકવી દેવા માટે થોડાક મહિનાની મહેતલ આપવાની રજૂઆતમાં લાગેલો છે. બીજી બાજુ કેન્દ્રીય નાણા મંત્રાલયે પીએનબીના કૌભાંડને લઈને બેંક પાસેથી એક સપ્તાહની અંદર રિપોર્ટની માંગ કરી છે. એક સપ્તાહની અંદર તમામ શંકાસ્પદ લેવડદેવડ અંગે રિપોર્ટ માંગવામાં આવ્યો છે. આ કૌભાંડમાં અનેક મોટા બેંક અધિકારીઓના નામ ખુલે તેવી પણ શક્યતા દેખાઈ રહી છે. જો કે, પૈસા ચુકવવાની તૈયારી દર્શાવ્યા બાદ આને લઈને કેટલાક લોકો રાહત પણ અનુભવી રહ્યા છે.

માર્ચ થી દિવાળી સુધી By Air કપલ/ફેમિલિ/LTC પ્રવાસો.

લેહ-લદાખ-નુબ્રાવેલી-પેંગોગ | આંદામાન-હેવલોક/નીલ આઇલેન્ડ
ભુતાન-પારો-થિમ્પુ-પુનાખા | બદ્રીનાથ-કેદારનાથ-ગંગોત્રી-યમુનોત્રી
ગંગટોક-લાચુંગ-પેલીંગ-દાર્જીલીંગ | કાઠમંડુ-ચિતવન-પોખરાવેલી
કાશ્મીર-પહેલગામ-ગુલમર્ગ-સોનમર્ગ | નૈનિતાલ-કોર્બેટ/મસૂરી-હરિદ્વાર
સિમલા-મનાલી-ડેલહાઉસી-અમૃતસર | મુન્નાર-થેકડી-કોવાલમ-કન્યાકુમારી

નૂતન ટ્રાવેલ્સ Since 1951
ઓ.:૩૦૭, કરીશ્મા કોમ્પ્લેક્ષ, સ્ટેડીયમ સર્કલ, સી.જી. રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯.
Ph.: 079-26562322/24/25 M.: 9427455274,9408643756,9898023955
E-mail : info@nutantravels.com / nutantravels@gmail.com

# જનરલ પાવર ઓફ એટર્ની રદ કર્યા અંગેની જાહેર નોટીસ

અમો નીચે સહી કરનારા દિલીપ મદનલાલ શાહ તથા નીતાબેન દિલીપ શાહ લખી જણાવીએ છીએ કે, ડિસ્ટ્રીક્ટ સબ ડિસ્ટ્રીક્ટ ગાંધીનગર, ગાંધીનગર ટાઉનશીપ, સેક્ટર-૨૩, પ્લોટ નં. ૩૭૪ વાળી મિલકત કે જેનું ક્ષેત્રફળ ૩૩૦ ચો.મી. છે તથા તેના પર કરવામાં આવેલ ભોંયતળીયાનું બાંધકામનું ક્ષેત્રફળ ૮૬.૮૫ ચો.મી. તથા પ્રથમ મજલાનું બાંધકામનું ક્ષેત્રફળ ૬૭.૮૦ ચો.મી. મળી કુલ બાંધકામનું ક્ષેત્રફળ ૧૫૪.૬૫ ચો.મી. છે. તે બાંધકામ વાળી મિલકત અમો નીચે સહી કરનારાને સિદ્ધિ વિનાયક કોર્પોરેશન-એક ભાગીદારી પેઢીના મુખ્ય વહીવટકર્તા ભાગીદાર દિપક બાબુલાલ પટેલની રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે. ગાંધીનગર સબ-રજીસ્ટ્રાર સાહેબશ્રીની કચેરીમાં અનુ નં. ૧૧૫૪૨ થી તા. ૧૧/૮/૨૦૧૫ના રોજ નોંધાયેલ. હમોએ સદરહુ મિલકતનો વેચાણ દસ્તાવેજ કરી આપેલ હોવા છતાં સદરહુ મિલરત બાબતે કોઈ કાનુની ગુંચ ઉપસ્થિત થાય અને વહીવટી કારણોસર અમારી સહી કે ઉપસ્થિતિની જરૂર પડે તો તે અંગે જરૂરી કાર્યવાહી કરવા સિદ્ધિ વિનાયક કોર્પોરેશન - એક ભાગીદાર પેઢીના મુખ્ય વહીવટકર્તા ભાગીદાર દિપક બાબુલાલ પટેલને જનરલ પોવર ઓફ એટોર્ની લખી આપેલ. જે જનરલ પોવર ઓફ એટોર્ની મીતા એચ. બુહેચા (એડવોકેટ એન્ડ નોટરી)ના નોટરીયલ રજીસ્ટરમાં તા. ૧૧/૮/૨૦૧૫ના રોજ નોંધાયેલ. જે જનરલ પોવર ઓફ એટોર્ની આજરોજથી અમો રદબાતલ યાને કેન્સલ ઠરાવીએ છીએ. આથી, સદરહુ જનરલ પાવર ઓફ એટોર્નીના આધારે અમારા પાવરદાર સિદ્ધિ વિનાયક કોર્પોરેશન - એક ભાગીદારી પેઢીના મુખ્ય વહીવટકર્તા ભાગીદાર દિપક બાબુલાલ પટેલ કોઈપણ પ્રકારના કાર્યો કરશે તો તે અમોને બંધનકર્તા રહેશે નહીં. અને હવેથી તેઓ સદરહુ મિલકતના અમારા વતી કર્તા યાને કુલમુખત્યાર રહેલ નથી. જે જનરલ પાવર ઓફ એટોર્ની આ જાહેર નોટીસથી અમો રદ કરીએ છીએ તેમજ હમારા કુલમુખત્યારને આજરોજથી છુટા કરીએ છીએ. જેની આથી જાહેર જનતા તેમજ લાગતા વળગતાઓએ નોંધ લેવી.

**અમારી મારફત**
**અલ્કેશ એન. ઠક્કર**
**એડવોકેટ**
**સરનામું : સી/૪૦૩, શ્રીજી આર્કેડ, આનંદ-મહલ રોજ અડાજણ, સુરત.**
**મો. ૯૯૨૫૧ ૩૩૨૨૫**

**સહી/-**
**દિલીપ મદનલાલ શાહ**
**સહી/-**
**નીતાબેન દિલીપ શાહ**

# ત્રિપુરામાં મોદીની આક્રમક ચૂંટણી રેલી

અગરતલા,તા. ૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ત્રિપુરા ચૂંટણીને લઇને અગરતલાના શાંતિ બજારમાં રેલી યોજી હતી. વડાપ્રધાને ન્યુ ઈન્ડિયા અને ન્યુ ત્રિપુરા જેવા કામ કરવા માટે લોકોને અપીલ કરી હતી અને કહ્યું હતું કે, આ વખતે ચૂંટણીમાં કોમ્યુનિસ્ટ પાર્ટીને દૂર કરવાની જરૂર છે. ભાજપને જીત અપાવીને વિકાસને પ્રોત્સાહન આપનાર સરકાર બનાવવાની જરૂર છે. વડાપ્રધાને કોમ્યુનિસ્ટ પાર્ટીના કાર્યકરોને અરાજકતાવાદી કાર્યકરો ગણાવીને કહ્યું હતું કે, આ લોકો ચૂંટણીમાં અશાંતિ ફેલાવવાના પ્રયાસ કરશે. કારણ કે તેઓ ગણતંત્રમાં નહીં બલ્કે ગનતંત્રમાં વિશ્વાસ રાખે છે. મોદીએ કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર અહીંના ગરીબોના ઘર બનાવવા, વિજળી પહોંચાડવા, ગેસના કનેક્શન આપવા માટે પૈસા આપે છે પરંતુ આ પૈસા ક્યાં જતા રહે છે ખબર પડતી નથી. આ લોકો કોંગ્રેસની સાથે મિલીભગત કરીને બેઠા હતા અને વિચારતા હતા કે, કોઈ તેમનું કઈ બગાડી શકશે નહીં. કોંગ્રેસ ત્રિપુરામાં ચૂંટણી કેમ લડી રહી છે. દિલ્હીમાં મિત્રતા અને ત્રિપુરામાં વિરોધનું નાટક ચાલી રહ્યું છે. દરેક જગ્યાએ મળીને લડે છે અને ત્રિપુરામાં ચૂંટણી લડી રહ્યા છે. માત્ર વોટ કાપી નાંખવા માટેની રણનીતિ હેઠળ કોંગ્રેસ પાર્ટી ચૂંટણી લડી રહી છે.

કોંગ્રેસ અને ડાબેરીઓને જુદી રીતે સમજવાની જરૂર નથી.



મોદીએ કહ્યું હતું કે કોમ્યુનિસ્ટોને વિદાય આપવાનો સમય આવી ગયો છે. દરેક કામમાં કોમ્યુનિસ્ટ પાર્ટીવાળા હોબાળો મચાવે છે. લઘુત્તમ મજુરીનું નાટક કરે છે. ત્રિપુરામાં મજુરોને લઘુત્તમ મજદુરી પણ મળતી નથી.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય